

» થાઈલેન્ડના નારાથીવાત (Narathiwat) ખાતે યોજાયેલી વાર્ષિક 'બર્ડ સિંગિંગ સ્પર્ધા' દરમિયાન પાંજરામાં બેઠેલા પક્ષીઓ. આ અનોખી સ્પર્ધામાં ભાગ લેતા પક્ષીઓ રાજકુમારી સિરિધોર્ન રોયલ ટ્રોફી જીતવા માટે તેમના મધુર અવાજનો જાદુ વિખેરે છે

# જાપાનમાં નવો રેકોર્ડ: 100 વર્ષથી વધુ વયના લોકોની સંખ્યા પ્રથમવાર 1 લાખ પાર

**1.07 લાખ** શતાબ્દી વયસ્કોમાં 88% મહિલાઓ; 114 વર્ષના ફુયો કિશિમોટો સૌથી વયોવૃદ્ધ મહિલા

**આયુષ્ય** વધવા સામે ઘટી રહેલો જન્મદર દેશ માટે ચિંતાનો વિષય



ટોક્યો, તા. 16: જાપાનના સ્વાસ્થ્ય અને કલ્યાણ મંત્રાલયના તાજેતરના આંકડા મુજબ, દેશમાં 100 વર્ષ કે તેથી વધુ વયના લોકોની સંખ્યા વધીને 1,07,677 પહોંચી છે, જે ગયા વર્ષ કરતાં 7,914 વધુ છે.

કુલ શતાબ્દી વયસ્કોમાં આશરે 88% મહિલાઓ છે. ક્યોટોના 114 વર્ષીય ફુયો કિશિમોટો જાપાનના સૌથી મોટી વયના મહિલા છે, જ્યારે કુમામોટોના 112 વર્ષીય હિકારુ કાતો સૌથી વયોવૃદ્ધ પુરુષ છે.

15 સપ્ટેમ્બરે ઉજવાયેલા 'રિસ્પેક્ટ ધ એજ્ડ ડે' નિમિત્તે વડાપ્રધાન સનાએ તાકાઈચી તરફથી સ્વસ્થ શતાબ્દી વયસ્કોને પ્રશંસા પત્ર અને ચાંદીનો સિકો (Silver sake cup) આપી સન્માનિત કરાયા હતા.

સ્વાસ્થ્ય મંત્રી કેનિચિરો ઉએનોના જણાવ્યા મુજબ, તબીબી ટેકનોલોજીમાં પ્રગતિ, સ્વસ્થ જીવનશૈલી અને યોગ્ય આહારશૈલીના કારણે જાપાનના નાગરિકો વધુ લાંબુ અને સ્વસ્થ જીવન જીવી રહ્યા છે.

એક તરફ આયુષ્ય વધી રહ્યું છે, પરંતુ બીજી તરફ નવો જન્મદર ચિંતાજનક રીતે ઘટી રહ્યો છે. વર્ષ 2025માં જાપાનનો કુલ પ્રજનન દર ઘટીને 1.14 ના રેકોર્ડ નીચલા સ્તરે આવી ગયો હતો, જે વસતિ સ્થિર રાખવા માટે જરૂરી 2.1ના સ્તર કરતાં ઘણો ઓછો છે.

'નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ પોપ્યુલેશન એન્ડ સોશિયલ સિક્યુરિટી રિસર્ચ'ના સર્વે અનુસાર, 18થી 34 વર્ષની વયના 20% થી વધુ અપરિણિત યુવાનો લગ્ન કરવાનો કોઈ જ ઈરાદો ધરાવતા નથી. મોંઘો બાળઉછેર, શિક્ષણ ખર્ચ અને કામકાજી માતા-પિતા પરનો આર્થિક બોજ લગ્ન પ્રત્યેના અણગમા માટે મુખ્ય કારણો ગણાવાયા છે.

**પેજ 3**

## બોલિવૂડમાં ગણપતિ વિસર્જનની ધૂમ: ઢોલના તાલે નાચ્યા સેલેબ્સ

**અંબાણી** પરિવારની ભવ્ય શોભાયાત્રામાં રાધિકાનો ડાન્સ વાયરલ; ગોવિંદા અને શિલ્પા શેટ્ટી પણ રંગાયા ઉત્સવના રંગમાં



મુંબઈ, તા. 16: મુંબઈમાં ગૌરીગણેશ વિસર્જન માટે બોલિવૂડ સેલેબ્સ અને પ્રખ્યાત પરિવારો એકઠા થતાં જ અનેક લોકો માટે ગણેશ ચતુર્થી ઉત્સવ મનાવ્યો હતો. અંબાણી પરિવારની ભવ્ય શોભાયાત્રાથી લઈને ગોવિંદા પોતાના પુત્ર યશવર્ધન સાથે જોડાવા સુધી અને શિલ્પા શેટ્ટી તેના પરિવાર સાથે ઢોલના તાલે નાચવા સુધી, સેલેબ્સ ઉત્સવના વાતાવરણમાં રંગાયેલા જોવા મળ્યા હતા.અંબાણી પરિવારે એન્ટિલિયાથી ગણપતિ વિસર્જનની ભવ્ય શોભાયાત્રા કાઢી હતી. આ ઉત્સવમાં નીતા અંબાણી, રાધિકા મરચન્ટ અને અનંત અંબાણી ભાગ લેતા જોવાં મળ્યાં હતાં, જેમાં સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર ઓરી પણ તેમની સાથે જોડાયો હતો. જાનહ્વી કપૂરનો બોયફ્રેન્ડ શિખર પહારીયા પણ પરિવાર સાથે જોવા મળ્યો હતો. રાધિકાના ડાન્સને પણ ઇન્ટરનેટ પર ખૂબ પ્રેમ મળ્યો હતો. જ્યારે ગોવિંદા પણ ગણપતિ ઉત્સવમાં પુત્ર યશવર્ધન સાથે જોડાયો હતો.

## સલમાન ખાનની 'ઊંધી આરતી'નો વીડિયો વાયરલ: અર્પિતાએ બતાવી સાચી રીત



મુંબઈ, તા. 16: સલમાન ખાન મંગળવારે ખાન પરિવારના ગણપતિ વિસર્જનમાં સામેલ થયો હતો. તેમણે પરિવાર સાથે બાપ્પાની આરતી કરી હતી. આ વખતે ખાન પરિવારે સોહેલ ખાનના ઘરે ગણેશ ચતુર્થીનું આયોજન કર્યું હતું. હવે ખાન પરિવારના વિસર્જનનો એક વીડિયો સામે આવ્યો છે, જેમાં સલમાન ખાન ગણપતિ બાપ્પાની ઊંધી આરતી કરતાં જોવા મળ્યો છે. થોડી વાર પછી બહેન અર્પિતાએ તેમને ટોકતા સાચી રીત બતાવી, જે પછી તરત જ સલમાને ભૂલ સુધારી લીધી. સલમાન ખાનના પરિવારના ગણપતિ વિસર્જનમાં તેમની ગર્લફ્રેન્ડ યુલિયા વંતૂર પણ પહોંચી હતી. સલમાન પછી યુલિયાએ આરતી કરી હતી. અર્પિતા ખાન તેમને પણ આરતી કરવાનું શીખવતી જોવા મળી હતી.

## અમિતાભ બચ્ચન અયોધ્યામાં પિતાના નામે ધર્મશાળા બનાવશે



અયોધ્યા (યુપી), તા. ૧૬ (પીટીઆઈ) મેગાસ્ટાર અમિતાભ બચ્ચને મંદિર નગરીમાં એક પ્રસ્તાવિત ધર્મશાળા માટે અયોધ્યા વિકાસ પ્રાધિકરણને બિલ્ડિંગ પ્લાન સુપ્રત કર્યો છે, જેનું નામ તેમના પિતા અને પ્રખ્યાત કવિ હરિવંશ રાય બચ્ચનના નામે રાખવામાં આવશે. એમ અધિકારીઓએ જણાવ્યું હતું. અયોધ્યા વિકાસ પ્રાધિકરણના વાઇસ ચેરમેન અંકુર જૈને મંગળવારે જણાવ્યું હતું કે, આ પ્રસ્તાવિત સુવિધા, જેમાં ૨૦થી વધુ રૂમ હોવાની શકયતા છે, તે દેશના વિવિધ ભાગોમાંથી અયોધ્યા આવતા ભક્તોને રહેવાની અને અન્ય આયોજિત સુવિધાઓ પૂરી પાડશે. જૈને પત્રકારોને જણાવ્યું હતું કે, "અયોધ્યા જે ભવ્ય સ્વરૂપ લઈ રહ્યું છે તેમાં દેશભરના નામાંકિત લોકોએ યોગદાન આપ્યું છે. આ ક્રમમાં પ્રખ્યાત અભિનેતા અમિતાભ બચ્ચને પણ એક ધર્મશાળાના નકશા માટે અરજી કરી છે, જેમાં ૨૦થી વધુ રૂમ હશે." જૈને કહ્યું હતું કે, આ પ્રસ્તાવ અખબારોમાં પ્રકાશિત કરવામાં આવ્યો છે જેથી જો કોઈને વાંધો હોય તો તે આમંત્રિત કરી શકાય. જૈને કહ્યું, "એકવાર નક્કી કરેલી મુદત પૂરી થઈ જાય પછી તેની તપાસ કરવામાં આવશે અને નિયમો મુજબ મંજૂરી આપવામાં આવશે."

## શાહરૂખ ખાને ચૂપચાપ અંબાણીના ગણેશ મહોત્સવમાં હાજરી આપી




મુંબઈ, તા. 16: શાહરૂખ ખાને 15 સપ્ટેમ્બરના રોજ મુંબઈ સ્થિત અંબાણી પરિવારના નિવાસસ્થાન 'એન્ટિલિયા' ખાતે ગણેશ ચતુર્થીના ઉત્સવમાં ચૂપચાપ હાજરી આપી હતી. જ્યાં એક તરફ બોલિવૂડના અનેક કલાકારોએ નિવાસસ્થાન બહાર ફોટોગ્રાફર્સ માટે પોઝ આપ્યા હતા તો બીજી તરફ શાહરૂખે પેપરાઝીથી બચીને કેમેરામાં ઝડપાયા વગર સીધા અંદર જવાનું પસંદ કર્યું હતું. ઉત્સવની અંદરની એક તસવીર સામે આવ્યા બાદ ફેન્સને આ સુપરસ્ટારની એક ઝલક જોવા મળી હતી, જેમાં તેઓ નીતા અંબાણી અને મુકેશ અંબાણી સાથે પોઝ આપતા જોવા મળે છે. શાહરૂખે આ તહેવારની સાંજ માટે પોતાનો લૂક ખૂબ જ સાદો રાખ્યો હતો. આ અભિનેતા તમામ સફેદ કપડામાં જોવા મળ્યો હતો અને તેમના નવા શોર્ટ હેરકટ સાથે એન્ટિલિયાની અંદર નીતા અને મુકેશ અંબાણી સાથે તસવીર માટે સ્માઇલ કરી રહ્યો હતો.


KALAMANDIR
આજનો સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ
22 KT 1,39,690/-
18 KT 1,14,250/- 14 KT 88,800/-
+91 95109 70230
વડોદરા | મુંબઈ | અમદાવાદ | સુરત | વાપી | ભરૂચ | કોસંબા

વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી સાહેબને જન્મદિવસની શુભકામના...
'ગુજરાતમિત્ર'ને 163 વર્ષ પૂર્ણ કરવા બદલ હાર્દિક શુભકામના...
સફળ અને શ્રેષ્ઠ એન્જિનિયર, આર્કિટેક્ટ, ડિઝાઈનર, બિલ્ડર, પ્રોડ્યુસર, ડાયરેક્ટર, ગરીબો, મિત્રોનો હમદર્દ, લાખોનું દાન કરવા છતાં ધરતીના માણસ
માધવજી પટેલ 'લેન્ડમાર્ક'

જીવનમાં ઉત્સાહ, કાર્યનિષ્ઠા સાથે સાથે નિપુણતા, શ્રેષ્ઠતા અને સંપૂર્ણતાના આગ્રહી એવા માધવજી પટેલે સુરતના સૈયદપુરાની ચાલથી મહેલ સુધી મજલ કાપી છે. ૧ ફેબ્રુઆરી ૧૯૫૯ના દિવસે ખેડૂત પરિવારમાં જન્મેલા માધવજી પટેલ એ સમયે ગ્રામીણ જીવનમાં ઓતપ્રોત હતા. સુરત વસતા કાકા વતનમાં ઘરે આવે અને સુરતની ઝાકમઝોળની વાતો કરે ત્યારે એ સાંભળી તેમના બાળસહજ મનમાં સુરતના સપના અંજાતા હતા. પાંચમું ધોરણ પાસ કર્યા પછી એ વખતે સુરતની આઇ.સી.ગાંધી શાળાના ધોરણ૬મા પ્રવેશ મેળવવા સાથે સુરત સાથે માધવજીભાઇનો સંબંધ બંધાયો. સૈયદપુરાના નાગોરીવાડમાં કાકા-કાકી સાથે નાના રૂમવાળી ચાલમાં રહેવાનું અને ભણવાનું. પ્રાથમિક બાદ હાઇસ્કૂલમાં જીવનભારતી સ્કૂલમાં માધવજીભાઇ નામના કાચા હીરાને પાસા પાડવાનું કામ શાળાના આચાર્ય ગુણવંત દેસાઇએ કર્યું. જીવનભારતીમાં બારમા ધોરણ સુધીનો અભ્યાસ કર્યો. એ દરમિયાન તેઓ તેમની તેજસ્વીતાના સંકેત આપતા જ રહ્યા હતા. બારમું ધોરણ પાસ કરવા સાથે આજની એસવીએનઆઇટી એટલે કે એ સમયની એસવીઆર એન્જિનિયરિંગ કોલેજમાં પ્રવેશ મળી ગયો અને ત્યાંથી ડિસ્ટીંકશન માર્ક સાથે બી.ઇ. (સિવિલ) થઇને વ્યવસાયમાં ઝંપલાવ્યું હતું.

ગામડાની માટી ખૂંદીને સુરતમાં બી.ઇ.સિવિલ એન્જિનિયર થયેલા માધવજી પટેલ અનેક ઇમારતો સાકાર કરવા સાથે જરૂરિયાતમંદો માટે દાનનો પ્રવાહ પણ વહેડાવતા રહ્યા છે, પરંતુ પ્રસિદ્ધિનો મોહ રાખ્યો નથી. પશુઓ માટે ભારોભાર અનુકંપા ધરાવતા માધવજી પટેલે ભાવનગર નજીકની એક ગૌશાળામાં રૂ.૧૧ કરોડનું માતબાર દાન આપીને અનુકંપા પ્રગટ કરી હતી, જ્યારે ડાંગના આદિવાસી બાળકો માટે માધ્યમિક શાળા અર્પણ કરી હતી. વિશાળ અને અત્યાધુનિક વેપારી પ્રતિષ્ઠાનું નિર્માણ કરવાના આગ્રહી માધવજી પટેલે 'લેન્ડમાર્ક'ના નામે ટેક્સટાઇલ માર્કેટ સહિત અનેક બિલ્ડીંગોનું નિર્માણ કર્યું હતું સાથ પ્રકૃતિ પ્રેમને કારણે લગભગ ૧૧ લાખ જેટલા વૃક્ષોનું વાવેતર અને ઉછેર કર્યો હતો. સુરતમાં 'લેન્ડમાર્ક' શબ્દ કાને સંભળાય એટલે માધવજી પટેલનો ચહેરો નજર સામે તરવરી ઉઠે. આર્કિટેક્ટ એન્જિનિયર માધવજી પટેલે મુશ્કેલીના અનેક કોઠા પાર કરીને સુરતમાં પોતાના નામનો 'લેન્ડમાર્ક'નો સિક્કો પ્રસ્થાપિત કરી દીધો હતો. સૌરાષ્ટ્રના ભાવનગર જિલ્લાના ગારીયાધાર તાલુકાના પચ્છે ગામના ખેડૂત પાટીદાર પરિવારમાં જન્મેલા માધવજી પટેલે જીવનમાં અનેક તડકા-છાયા જોયો છે. પરંતુ પોતાનું ધ્યેય પ્રાપ્ત કરવામાં ક્યારે પાછી પાની કરી નથી. 'લેન્ડમાર્ક'ને પ્રસ્થાપિત કરવામાં અનેક સમસ્યાઓ આવી અને વાદળની માફક વિખેરાઇ પણ ગઈ. પરંતુ માધવજી પટેલ વિકાસના પથ ઉપર આગળ ધપતા રહ્યા અને કુદરતે પણ સતત સાથ આપ્યો, ફળશ્રુતિરૂપે આજે ૮૫ લાખની વસ્તીથી ફાટફાટ થતા સુરત મહાનગરમાં 'લેન્ડમાર્ક' એટલે માધવજી પટેલને મળવા માટે સરનામું શોધવાની જરૂર નથી. શહેરના કોઈપણ ખૂણામાં પગ મૂકો માધવજી પટેલનું 'લેન્ડમાર્ક' અવશ્ય નજરે ચડશે જ.






— સત્ય • નિષ્પક્ષ • જનહિત —
દક્ષિણ ગુજરાતના લોકપ્રિય દૈનિક
ગુજરાતમિત્ર
ના 164 માં વર્ષમાં મંગળ પ્રવેશ નિમિત્તે
માન. મંત્રી (રા. ક.) અને પંડવાઈ સુગર ફેક્ટરી ના પ્રમુખ
શ્રી ઈશ્વરસિંહ પટેલ
તરફથી
હાર્દિક શુભેચ્છા
164 માં વર્ષમાં મંગળ પ્રવેશ






દક્ષિણ ગુજરાતના લોકપ્રિય અને પ્રતિષ્ઠિત દૈનિક વર્તમાનપત્ર
ગુજરાતમિત્રના 164 માં વર્ષમાં મંગળ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છાઓ પાઠવીએ છીએ.
આપનું પત્રકારત્વ સમાજમાં સત્ય, નિષ્પક્ષતા અને જનહિત માટે સતત પ્રેરણારુપ રહ્યું છે. આપના અખબારની લોકપ્રિયતા અને વિશ્વસનીયતા આગામી વર્ષોમાં પણ યથાવત રહે તેવી શુભકામનાઓ.


'ગુજરાતમિત્ર'ને 163 વર્ષ પૂરા કરવા બદલ ખૂબ ખૂબ અભિનંદન...
વિશ્વ ગુરૂ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જન્મદિવસની ખૂબ ખૂબ શુભકામના...









જૈત્ર પટેલ એડવોકેટ
MANISH PATEL & ASSOCIATES JUSTICE IS ETERNAL LAW HOUSE
મનિષ પટેલ એડવોકેટ
PIRAMYD GROUP SINCE 1989
સંજય માંગુકીયા (ચેરમેન, ક્રેડાઈ સુરત)
THE GRAND MALABAR
Euro Best Khao Healthy Raho
DESIGN ROOT ARCHITECT
SANGINI BUILDING TRUST. BUILDING LANDMARKS.
SHREE NILKANTH GROUP FOUNDATION OF QUALITY
પ્રમુખ ABC THE RISING GROUP
વેદાંત GROUP TRUST-VALUE-GROWTH
SURYAM GROUP
SAMARTHYA THE LEGACY OF EXCELLENCE
SALASAR BUILDERS
રિવાન્ટા ગ્રુપ